**ક્રિમીનલ કેસ નં.૨૦૦૨૬૬/૧૯૯૨ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

ફરીયાદી તરફે વિ. પ્રોસી.શ્રી હાજર છે. સદર કામ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ સને ૧૯૯૨ ની સાલમાં દાખલ કરવામાં આવેલ છે જેમાં કુલ ૧૦ આરોપીઓ સામે ફરીયાદ દાખલ થયેલ જેમાં આરોપી નં.૧ ફર્મ છે, આરોપી નં.૨, ૫ અને ૮ ઓરલ ટ્રસ્ટ છે અને આરોપી નં.૩, ૪, ૬,૭,૯ અને ૧૦ તેના ટ્રસ્ટીઓ છે જેમાંથી આરોપી નં.૪ અને ૧૦ નાઓને અત્રેની કોર્ટ ધ્વારા ડીસ્ચાર્જ કરવામાં આવેલ છે અને આરોપી નં. ૩, ૬,૭ અને ૯ નું ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન થતા આરોપીના વિ.વ.શ્રીએ તેઓનું મરણસર્ટીફીકેટ રજુ કરેલ છે જે ધ્યાને લેતાં આરોપી નં.૧,૨, ૫ અને ૮ સામેનો કેસ આગળ ચલાવવા પાત્ર છે. પરંતુ આરોપી નં.૧ ફર્મ અને આરોપી નં.૨, ૫ અને ૮ ઓરલ ટ્રસ્ટ છે અને ફરીયાદપક્ષની રજુઆત પ્રમાણે ટ્રસ્ટની મિલકત ૮, તપોવન સોસાયટી, માણેક બાગ પાસે, આંબાવાડી, અમદાવાદનો કબજો તેઓએ લઈ લીધેલ છે અને હાલમાં કોઈ ટ્રસ્ટનું અસ્તિત્વ નથી અને બીજુ કોઈ સરનામું તેઓ પાસે ઉપલબ્ધ નથી જેથી ફરીયાદી તરફે પણ આરોપી નં.૧, ૨, ૫ અને ૮ નું સરનામું રજુ કરવામાં આવેલ નથી. વળી, સદર કેસમાં અવારનવાર ઘણી મુદત આપવામાં આવેલ તેમ છતાં આરોપી નં.૧ ,૨, ૫ અને ૮ હાજર રહેલ નથી. સદર કેસ ઘણો જુનો છે અને આરોપી નં.૧,૨, ૫ અને ૮ ના સરનામાના અભાવે કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી તેમજ ફરીયાદી પણ આરોપીઓનું સરનામું રજુ કરી શકે તેમ ન હોય આ સંજોગોમાં આરોપી નં.૪ અને ૧૦ નાઓ ને ડીસ્ચાર્જ કરેલ હોય અને આરોપી નં.૩, ૬, ૭ અને ૯ મરણ પામેલ હોય અને આરોપી નં.૧ ,૨, ૫ અને ૮ ના સરનામાના અભાવે ફરીયાદીની ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૧
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ, કોડ નં.જીજે૦૦૬૩૩